તા. ૯-૯-૧૮

જાહેર ખબર

(વાહનો જાહેર હરાજીથી વેચવાના છે)

ગુજરાત રાજય માનવ અધિકાર આયોગની કચેરી કર્મયોગી ભવન, સેકટર-૧૦, ગાંધીનગર હસ્તકના નીચે મુજબના સરકારી વાહનોની હરાજી કરવામાં આવનાર છે. તે જેવી સ્થિતિમાં છે, તે મુજબ હારજીથી વેચાણે આપવાના છે.

ઉપર્યુકત વાહન ઉપર દર્શાવેલ સ્થળે સરકારી કામકાજના દિવસો દરમ્યાન જોઇ શકાશે. આ વાહનોના તળીયાના ભાવ નીચે મુજબ છે.

| ક્રમ | વાહનનો પ્રકાર | વાહનનો નંબર | મોડલ વર્ષ | તળીયાની કિંમત | ડિપોઝીટની રકમ |
|---|---|---|---|---|---|
| ૧ | ટાટા સુમો (ડીઝલ) | જીજે-૧૮-જી-૨૦૬૮ | ૨૦૦૬ | રૂા. ૪૦,૦૦૦/- (અંકે રૂપિયા ચાલીસ હજાર પુરા) | ૪૦૦૦/- |
| ૨ | મારૂતિ એસ્ટીમ (પેટ્રોલ) | જીજે-૧૮-જી-૨૦૬૭ | ૨૦૦૬ | રૂા. ૩૦,૦૦૦/- (અંકે રૂપિયા ત્રીસ હજાર પુરા) | ૩૦૦૦/- |
| ૩ | મારૂતિ એસ્ટીમ (પેટ્રોલ) | જીજે-૧૮-જી-૨૦૯૭ | ૨૦૦૬ | રૂા. ૨૮,૦૦૦/- (અંકે રૂપિયા અઠાવીસ હજાર પુરા) | ૨૮૦૦/- |
| ૪ | મારૂતિ એસ્ટીમ (પેટ્રોલ) | જીજે-૧૮-જી-૨૦૭૪ | ૨૦૦૬ | રૂા. ૨૭,૦૦૦/- (અંકે રૂપિયા સત્તાવીસ હજાર પુરા) | ૨૭૦૦/- |
| ૫ | હોન્ડા સિટી (પેટ્રોલ) | જીજે-૧૮-જી-૨૦૭૧ | ૨૦૦૬ | રૂા. ૧,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ પુરા) | ૧૦,૦૦૦/- |
| ૬ | બાઇક સ્પ્લેન્ડર (પેટ્રોલ) | જીજે-૧૮-જી-૭૨૧૦ | ૨૦૦૬ | રૂા. ૩,૦૦૦/- (અંકે રૂપિયા ત્રણ હજાર પુરા) | ૩૦૦/- |

આ અંગેની જાહેર હરાજી તા. ૨૮/૦૮/૨૦૧૮ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે રાખવામાં આવેલ છે. હરાજીની શરતો મુજબ ભાવો સ્વીકારવાની સત્તા સક્ષમ અધિકારીની રહેશે. જે પાર્ટીની વાહનની રકમ તેમજ વધુ કિંમતની બોલી સ્વીકારવામાં આવશે તે પાર્ટીએ વાહનની રકમ તેમજ તે રકમ પર ભરવાપાત્ર વાણિજ્યક વેરો ભરવાનો રહેશે અન્ય શરતો વેબસાઇટ એડ્રેસ:- www.gshrc.gujarat.gov.in અને આયોગના નોટીસ બોર્ડ ઉપર કચેરી સમય દરમ્યાન પર જોઇ શકાશે અને રૂબરૂ સ્થળ ઉપર વાંચી સંભળાવવામાં આવશે.

જી. આર. ગોસ્વામી
(જી.આર. ગોસ્વામી)
ઉપ સચિવ
ગુજરાત રાજય માનવ અધિકાર આયોગ,
ગાંધીનગર

# શરતો

ગુજરાત રાજય માનવ અધિકાર આયોગની કચેરી, ગાંધીનગર હસ્તક આવેલ સરકારી વાહન ગાડી નં. જીજે-૧૮-જી-૨૦૬૮ ટાટા સુમો, જીજે-૧૮-જી-૨૦૬૭ મારૂતિ એસ્ટીમ, જીજે-૧૮-જી-૨૦૯૭ મારૂતિ એસ્ટીમ, જીજે-૧૮-જી-૨૦૭૪ મારૂતિ એસ્ટીમ, જીજે-૧૮-જી-૨૦૭૧ હોન્ડા સિટી, જીજે-૧૮-જી-૭૨૧૦ બાઇક સ્પ્લેન્ડર(પેટ્રોલ)ની હરાજીની વિગતો /શરતો નીચે મુજબ છે.

| ક્રમ | વાહનનો પ્રકાર | વાહનનો નંબર | મોડલ વર્ષ | તળીયાની કિંમત | ભરવાની ડિપોઝીટ (રૂપિયા) |
|---|---|---|---|---|---|
| ૧ | ટાટા સુમો (ડીઝલ) | જીજે-૧૮-જી-૨૦૬૮ | ૨૦૦૬ | રૂા. ૪૦,૦૦૦/- (અંકે રૂપિયા ચાલીસ હજાર પુરા) | ૪૦૦૦/- |
| ૨ | મારૂતિ એસ્ટીમ (પેટ્રોલ) | જીજે-૧૮-જી-૨૦૬૭ | ૨૦૦૬ | રૂા. ૩૦,૦૦૦/- (અંકે રૂપિયા ત્રીસ હજાર પુરા) | ૩૦૦૦/- |
| ૩ | મારૂતિ એસ્ટીમ (પેટ્રોલ) | જીજે-૧૮-જી-૨૦૯૭ | ૨૦૦૬ | રૂા. ૨૮,૦૦૦/- (અંકે રૂપિયા અઠાવીસ હજાર પુરા) | ૨૮૦૦/- |
| ૪ | મારૂતિ એસ્ટીમ (પેટ્રોલ) | જીજે-૧૮-જી-૨૦૭૪ | ૨૦૦૬ | રૂા. ૨૭,૦૦૦/- (અંકે રૂપિયા સત્તાવીસ હજાર પુરા) | ૨૭૦૦/- |
| ૫ | હોન્ડા સિટી (પેટ્રોલ) | જીજે-૧૮-જી-૨૦૭૧ | ૨૦૦૬ | રૂા. ૧,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ પુરા) | ૧૦,૦૦૦/- |
| ૬ | બાઇક સ્પ્લેન્ડર (પેટ્રોલ) | જીજે-૧૮-જી-૭૨૧૦ | ૨૦૦૬ | રૂા. ૩,૦૦૦/- (અંકે રૂપિયા ત્રણ હજાર પુરા) | ૩૦૦/- |

(૧) આ વાહનોની જાહેર હરાજીથી નિકાલ કરવાનો હોય છે. આ હરાજીમાં ભાગ લેનાર વ્યકિતએ ઉપર દર્શાવેલ દરેક વાહન દીઠ અલગ અલગ રકમનો રાષ્ટ્રીયકૃત બેન્કનો ડ્રાફટ|રોકડા ગુજરાત રાજય માનવ અધિકાર આયોગની કચેરીમાં **તા. ૨૭/૮/૨૦૧૮** સુધીમાં હિસાબી અધિકારીશ્રી, ગુજરાત રાજય માનવ અધિકાર આયોગ, ગાંધીનગર, બ્લોક નં. ૧/૫ મો માળ, ગાંધીનગર ખાતે જમા કરાવવાના રહેશે તથા સીલબંધ કવરમાં મોકલી આપવાના રહેશે.

(૨) નક્કી કરવામાં આવેલ તળીયાની કિંમતો કરતા ઓછી કિંમતના ભાવથી બોલી, બોલી શકાશે નહી તથા હરાજી લક્ષમાં લેવામાં આવશે નહીં.

(૩) હરાજી માં ભાગ લેનાર વ્યકિતએ ડીપોઝીટની રકમ વાહનની તળીયાની કિંમતના ૧૦% લેખે રાષ્ટ્રીયકૃત બેન્કનો ડ્રાફટ/**રોકડ રકમ ઉકત કચેરીમાં** જમા કરાવીને રસીદ રજુ કરેલ હશે તે જ વ્યકિત હરાજીમાં ભાગ લઇ શકશે.

(૪) જાહેર હરાજીમાં તળીયાની કિંમતની રકમથી બોલીની શરૂઆત કરવામાં આવશે.

(૫) વાહનની હરાજી શરૂ થયે દરેક તબક્કે રૂા. ૧૦૦૦/- ના વધારા કરતાં ઓછી બોલી સ્વીકારવામાં આવશે નહીં.

(૬) જાહેર હરાજી/અગર ઓફરથી જેના ભાવો સૌથી વધુ હશે, તે પાર્ટીએ તુર્ત જ સ્થળ ઉપર એટલે કે ગુજરાત રાજય માનવ અધિકાર આયોગ, ગાંધીનગરની કચેરીની રોકડ શાખામાં ૨૫% રકમ હરાજીના દિવસે એટલે કે હરાજીની બોલીઓથી ઉંચી હશે તે પાર્ટીએ જમા કરાવવાની રહેશે. બાકીની રકમ હરાજી મંજુર થયેથી દિન-૨ માં ભરવાની રહેશે. હરાજીમાં ઉંચી બોલી બોલનાર પાર્ટીએ બાકીની સદર રકમ સમય મર્યાદામાં ભરપાઇ ના થયે ડીપોઝીટ સહિત ભરેલ તમામ રકમ જપ્ત કરવામાં આવશે.

(૭) હરાજી પુરી થયા બાદ જેનો ભાવ સ્વીકારવામાં આવ્યા હશે. તે સિવાયના તમામ પાર્ટીઓએ ડીપોઝીટની રકમ તુરત જ પરત મેળવી તેની રસીદ મેળવી લેવાની રહેશે.

(૮) વાહનની કોઇપણ બોલી સ્વીકારવી કે નહીં તે અંગેની આખરી સત્તા કચેરીના વડા તથા જાહેર હરાજીની કમિટિના સભ્યોની રહેશે અને તેઓના નિર્ણય સર્વેને બંધનકર્તા રહેશે.

(૯) જે પાર્ટીની ઓફર સ્વીકારવામાં આવે તે પાર્ટીએ હુકમની તારીખથી દિન-૭ માં વાહન જે સ્થિતિમાં હશે તે જ પરિસ્થિતિમાં જે તે સ્થળેથી તેમના ખર્ચ અને જોખમે લઇ જવાનું રહેશે. દિન-૭ પછી આ વાહનની જવાબદારી કચેરીની રહેશે નહી.

(૧૦) વાહનનું નવું રજીસ્ટ્રેશન તથા વિમો સંબંધિત પાર્ટીએ તેમના ખર્ચ કરાવીને તેની નકલ અત્રે રજુ કરવાની રહેશે અને ત્યાર પછી ઉંચી બોલી બોલનાર પાર્ટીની ડિપોઝીટની રકમ પરત કરવામાં આવશે.

(૧૧) જે પાર્ટીની ઓફર સ્વીકારવામાં આવે તે પાર્ટીએ વેચાણ વેરાના નિયમ મુજબ વેચાણ વેરાની રકમ અલગથી ભરવાની રહેશે.

(૧૨) ઉકત પાંચ સરકારી વાહનોની બોલી એક પાર્ટી દ્વારા જેની તળીયાની કિંમત નક્કી કરવામાં આવેલ છે. તેના કરતા વધુ બોલીથી બોલી એકી સાથે પાંચ વાહનો ખરીદી શકશે અને બાકીની શરતો યથાવત રહેશે.

(૧૩) જાહેર હરાજી/અગર ઓફરમાં આવેલ છેવટની બોલી મંજુર કરવી/ના કરવી તે અંગેનો છેવટનો આખરી નિર્ણય કચેરીના સચિવશ્રી, ગુજરાત રાજય માનવ અધિકાર આયોગ, ગાંધીનગરે કરવાનો રહેશે.

જી.આર. ગોસ્વામી

(જી.આર. ગોસ્વામી)
ઉપ સચિવ
ગુજરાત રાજય માનવ અધિકાર આયોગ,
ગાંધીનગર